ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં ફાઈવ સ્ટાર હોટલ કમ બિઝનેસ ક્લબ બનશે

## ગિફ્ટ સિટીમાં એક સ્કૂલ અને હોસ્પિટલને મંજૂરી આપવામાં આવી છે. સરકારે ઉભા કરેલા બે ટાવરમાં ફ્લોર આપવાની પ્રક્રિયાનો પ્રારંભ



(ગૌતમ પુરોહિત)

ગાંધીનગર, તા. ૨૮

ભારતની સૌ -થમ બિઝનેસ ક્લબ અને ઉંચી ફાઈવસ્ટાર હોટલ ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં આકાર લેશે. આ હોટલમાં ૩૫૦ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવી રહ્યું છે. આવનારા ત્રણ વર્ષમાં આ મૂડીરોકાણ પૂર્ણ કરવાનો કંપનીનો ઈરાદો છે. આ સિટીમાં હાલ બે ટાવર ઉભા કરવામાં આવેલા છે અને એક હોસ્પિટલ તેમજ એક ઈન્ટરનેશનલ સ્કૂલને મંજૂરી આપવામાં આવી છે.

હોટલ કમ ક્લબના આ બિઝનેસ -ોજેકટને અમદાવાદ સ્થિત વેસ્ટ ઈન્ડિયા હોસ્પિટાલિટી લિમિટેડ ડેવલપ કરશે. આ હોટલમાં ૩૦૦ રૂમ અને ક્લબમાં ૪૦ રૂમની સુવિધા હશે. શોર્ટલિસ્ટ થયેલું સ્ટારવુડ્સ શેરેટોન ગ્રુપ સમગ્ર વિશ્વમાં ૪૦૦ હોટલ અને ૧.૪૦ લાખ રૂમ ધરાવે છે. આ ગ્રુપ હવે ગુજરાતમાં ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં ફાઈવસ્ટાર હોટલ બનાવશે.

બિઝનેસ ક્લબમાં -ાઈવેટ મિટીંગ, કોન્ફરન્સ રૂમ્સ, કાફેટેરિયા, ડાઈનીગ અને રિક્રિયેશન લોન્જનો સમાવેશ થાય છે. આ ક્લબમાં

ગુજરાત સરકારની કોર્પોરેટ સ્ટાઈલની મિટીંગો થશે એ ઉપરાંત અન્ય કોઈ બિઝનેસ ગ્રુપ મિટીંગ કરવા ઈચ્છતા હશે તો તેઓ જોડાઈ શકશે. ફાઈવસ્ટાર હોટલ અને બિઝનેસ ક્લબમાં ઈન્ટરનેશન કક્ષાની આધુનિકતાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગિફ્ટસિટીના સૂત્રોએ જણાવ્યું હતું કે ક્લબ ૨૦૧૫મા અને ફાઈવસ્ટાર હોટલ ૨૦૧૬મા શરૂ કરવાનો કંપનીનો દાવો છે. ક્લબનો બિલ્ટઅપ એરિયા ૮૦,૦૦૦ ચોરસફુટ છે.

ગિફ્ટસિટીના -થમ ફેઝમાં ૮૮૬ એકર જમીન સંપાદન કરવામાં આવેલી છે. આ સિટીમાં રાજ્ય સરકાર ૩૦૦૦ એપાર્ટમેન્ટ ઉભા કરવા જઈ રહી છે. ગિફ્ટ સિટીમાં કનેક્ટિવીટી માટે મેટ્રો રેલ અને

● અનુસંધાન પાના-૭ પર



**દત્ત મંદિરનો પાટોત્સવ :** ગાંધીનગર સ્થિત ત્રિમૂર્તિ દત્ત ભગવાનના મંદિરનો પાટોત્સવ ભારે ધામધૂમથી ઉજવાયો. નગરમાં પાટોત્સવ નિમિત્તે પાલખી યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું હતું. દત્ત ભગવાનના જય જયકાર સાથે નગરના રાજમાર્ગો પર શોભાયાત્રા યોજાઈ હતી. મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. આ ઉપરાંત મંદિર ખાતે પણ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન પણ કરાયું હતું. (તસવીર : દિપક જાની)

# અરજદારોને મહીના બાદ પણ આર.સી. બુક મળતી નથી!

## પોસ્ટ મારફ્તે આર.સી. બુક, લાયસન્સ ઘર બેઠા પહોંચાડવામાં અવ્યવસ્થા શિરદર્દ સમાન

ગાંધીનગર, તા.૩૦

'ગ' માર્ગ પર સ્થિત રાજયની હાઈટેક કચેરીમાં અરજદારોનો સમય ન બગડે તે માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ પધ્ધતિ તેમજ આર.સી. બુક અને લાયસન્સ ઘરે બેઠા મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરંતુ અરજદારોને પોસ્ટ મારફતે મહીનાના અંતે પણ આર.સી. બુક ઉપલબ્ધ ન થતા આ વ્યવસ્થા સામે આક્રોશ ભભૂકયો છે.

આર.ટી.ઓ. કચેરી નવનિર્મિત બિલ્ડીંગમાં કાર્યરત થયા બાદ કચેરીની વહીવટી કામગીરી આંગળીના ટેરવે હોવાની વાતો સંભળાય છે. લાયસન્સ માટે પણ અરજદારોનો એપોઈન્ટમેન્ટ આપવામાં આવે છે. જયારે આ સઘળી વ્યવસ્થાના અંતે પેપરલેસ આર.ટી.ઓ. કચેરીમાં અરજદારોને સમયસર લાયસન્સ મળતા નથી. બીજી તરફ વાહનમાલિકોને પોતાના વાહનની સ્માર્ટ આર.સી. બુક તેમજ લાયસન્સ ઘરે બેઠા મળી રહે તે અંગેની વ્યવસ્થા પણ જાણે પડી ભાંગી હોય તેવી સ્થિતિ છે. છેલ્લા કેટલાક સમયથી પોસ્ટ મારફતે મોકલાતી આર.સી. બુક અને લાયસન્સ પણ અરજદારોનો સમયસર મળતા નથી પોતાના વાહનની આર.સી. બુક મેળવવા માટે ઘરે રાહ જોતા અરજદારોએ પોસ્ટ કચેરીમાં ધક્કા ખાવા પડે છે. જયારે અધુરી વિગતોના લીધે ઘણીવાર આર.સી. બુક પોસ્ટમાંથી પરત કચેરીમાં પહોંચી જાય છે. આ સ્થિતિ વચ્ચે મહીનાના અંતે પણ અરજદારોને આર.સી. બુક ઉપલબ્ધ થતી નથી. જયારે લાયસન્સ માટે ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ પણ આર.ટી.ઓ.ના કોમ્પ્યુટરમાં ખુલતા નથી જેના લીધે ફોર્મ ફરીથી ભરવાનો વારો આવે છે. આ સ્થિતિના લીધે વાહનચાલકોને સમયસર લાયસન્સ ઉપલબ્ધ થતા નથી.

# સે. ૧૬ અને ૧૨ની ઈન્કવાયરી હવે આઉટ સોર્સિંગને સોંપાશે

## કર્મચારીઓ પણ નિવૃત્તના આરે : બાકી રહેતો સ્ટાફ વી.આઈ.પી. સેક્ટરોને ફાળવવા હીલચાલ

ગાંધીનગર, તા. ૩૦

શહેરના સેક્ટરોમાં સ્થિત સુવિધા કેન્દ્રો સ્ટાફ અને સાધનોના અભાવે શોભાના ગાંઠીયા સમાન હોવાનું સ્પષ્ટ થયું છે. જ્યારે ઈન્કવાયરી કચેરીઓના ઘણા-ખરા કર્મચારીઓ પણ હવે નિવૃત્ત થાય છે. ત્યારે સે. ૨૩ની જેમ સે. ૧૬ અને સે. ૧૨ની ઈન્કવાયરી પણ આઉટસોર્સિંગથી કાર્યરત કરવા આયોજન કરી દેવાયું છે.

શહેરના સેક્ટરોમાં સ્થિત સરકારી આવાસની જાળવણી માટે દાયકાઓ પૂર્વે સેક્ટરે સેક્ટરે ઈન્કવાયરી કચેરીઓ શરૂ કરવામાં આવી હતી. હજારો સરકારી આવાસોમાં રહેતા વસાહતીઓ સુવિધા કેન્દ્રો મારફતે પોતાની ફરિયાદો નિવારી શકતા હતા. તે સમયે સેક્ટરોની ઈન્કવાયરી કચેરીમાં યોગ્ય સ્ટાફ અને સાધનો સહીતની માલસામગ્રી ઉપલબ્ધ હોવાથી આમ નાગરિકોની ફરિયાદોનું પણ ત્વરિત નિવારણ થતુ હતુ. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી સેક્ટરોમાં સ્થિત ઈન્કવાયરી કચેરીઓ માત્ર નામ પુરતી જ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. પૂરતા માલસામાન અને મેનપાવરના અભાવ વચ્ચે ઈન્કવાયરીના ચોપડે નોધાતી આમ નાગરિકોની ફરિયાદોનો નિકાલ ન થતા સેક્ટરવાસીઓમાં પણ ઉગ્ર આક્રોશ પ્રવર્ત્યો છે. સઘળી સ્થિતિને ધ્યાને લઈ શહેરની ઈન્કવાયરી કચેરીઓને આઉટ સોર્સિંગથી કાર્યરત કરવા વિચારણા હાથ ધરવામાં આવી હતી. ગત વર્ષે સે. ૨૩ની ઈન્કવાયરી કચેરીને પ્રાયોગિક ધોરણે આઉટસોર્સિંગથી કાર્યરત કરવામાં આવી હતી. જ્યારે હવે સે. ૧૬, સે. ૧૨ની ઈન્કવાયરી કચેરીને પણ આઉટસોર્સિંગને સોંપવા નિર્ણય લેવાયો છે. ઈન્કવાયરી કચેરીઓના ઘણા ખરા કર્મચારીઓ પણ નિવૃત્ત થવાના છે ત્યારે બાકીના ઈન્કવાયરીના સ્ટાફને વી. આઈ. પી. સેક્ટરોમાં ફાળવી આઉટસોર્સિંગ મારફતે કામ ચલાવવાની નીતિ અપનાવાઈ છે.

# આજે અડવાણી, રાજનાથસિંહ અને નરેન્દ્ર મોદી જુનાગઢમાં એક મંચ પર

ગાંધીનગર, તા. ૩૦

ભાજપના પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્વર્ગસ્થ ભાવનાબેન ચીખલીયાની પ્રાર્થનાસભામાં હાજરી આપવા માટે ભાજપના વરીષ્ઠ નેતા એલ.કે. અડવાણી આવતીકાલે એક દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે.

તાજેતરમાં જ ભાજપના તમામ હોદ્દા પરથી રાજીનામુ આપ્યા પછી નાટ્યાત્મક રીતે રાજીનામુ પાછુ ખેંચી લીધાની બનેલી ઘટના બાદ ભાજપના રાષ્ટ્રીય નેતા એલ.કે. અડવાણી પ્રથમવાર આવતીકાલે એક દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આવતીકાલે તેઓ જુનાગઢ જશે.

ભાજપના સ્વર્ગસ્થ પૂર્વ કેન્દ્રીયમંત્રી ભાવનાબેન ચિખલીયાની યોજાનાર પ્રાર્થનાસભામાં અડવાણી ઉપસ્થિત રહેનાર છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહેનાર હોઈ બન્ને નેતાઓ એક સાથે દેખાશે.

અડવાણી ઉપરાંત ભાજપાના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહ પણ આવતીકાલે જુનાગઢના એક દિવસના પ્રવાસે આવી રહ્યા છે.


રાજીનામાની ઘટના બાદ અડવાણી અને મોદી બન્ને નેતાઓ એક સાથે એક જ કાર્યક્રમમાં મળનાર હોઈ સૌ કોઈની નજર તેના પર મંડાયેલી છે.

# આજોલની પેટા ચૂંટણીમાં ૫૩ ટકા મતદાન

ગાંધીનગર, તા.૩૦

માણસા તાલુકા પંચાયતની ખાલી પડેલી આજોલ બેઠકની આજે યોજાયેલ પેટા ચૂંટણીમાં ૫૩ ટકા જેટલું મતદાન નોંધાયું છે. માણસા તાલુકા પંચાયતની ખાલી પડેલી આ બેઠક કોંગ્રેસ પક્ષ પાસે હતી. આજોલની બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી લડાઈ હતી. આ બેઠક પર આજે ૫૩ ટકા જેટલું મતદાન થતાં બંને પક્ષોએ વિજય માટેના દાવા કર્યા છે.

માણસા તાલુકાની થરાડા બેઠકની પેટા ચૂંટણી છેલ્લી ઘડીએ મોકુફ રખાઈ હતી. જિલ્લાની આ એક માત્ર પેટા ચૂંટણી હોવાથી કાર્યકરોનું ધ્યાન વધુ કેન્દ્રીત થયું હતું. જો કે આ પેટા ચૂંટણીમાં સ્થાનિક કાર્યકરોએ જ પ્રચારની સીધી જવાબદારી સંભાળી હતી. આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પ્રક્રિયા સંપન્ન થઈ હતી. વહેલી સવારે મતદાનનો ધીમી ગતિએ પ્રારંભ થયો હતો પરંતુ આ પછી તેમાં ગતિ આવી હતી. આ પેટા ચૂંટણીમાં ભારે મતદાન થશે તેવી ગણતરી પક્ષોના આગેવાનો રાખતા હતા પરંતુ મતદારોએ મધ્યમ ઉત્સાહ દાખવ્યો હતો.




# બોખીરીયા પર રાજીનામું આપવા વધતું જતું દબાણ

અમદાવાદ, તા.૩૦

ગુજરાતના જળ સંશાધન પ્રધાન બાબુભાઈ બોખિરિયા પર રાજીનામુ આપી દેવાનુ દબાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. બોખિરિયાને ટુંક સમયમાં રાજીનામુ આપવુ પડે તેવી શક્યતા છે. કારણ કે માત્ર કોંગ્રેસ દ્વારા જ નહી બલ્કે ભાજપની અંદર પણ કેટલાક લોકો તેમના રાજીનામાની માંગ કરી રહ્યા છે. ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ બોખિરિયાને લેઈને દબાણ વધી રહ્યું છે. ગેરકાયદે રીતે માઈનિંગ મામલે બોખિરિયા દોષિત જાહેર કરવામાં આવ્યા છે. માઈનિગં કાંડમાં તેઓ અપરાધી જાહેર થયા બાદથી જ મોદી પર દબાણ છે. કારણ કે ભાજપ ભ્રષ્ટાચાર સામે કોંગ્રેસ પર આકરા પ્રહારો કરવામાં વ્યસ્ત છે. ભાજપ પર આ મામલે બેવડુ વલણ અપનાવવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. કારણ કે કર્ણાટકના પૂર્વ મુખ્યપ્રધાન યેદીયુરપ્પાનો ભ્રષ્ટાચારના કારણે રાજીનામુ આપવાની ફરજ પડી હતી. ત્યારબાદ તેમની ભાજપમાંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી.

# પી.એન.જી. ની એકસ્ટ્રા લાઈનનું કામ ૬ મહિનાના અંતે પણ પૂર્ણ થયું નથી

## જી.એસ.પી.સી.ની ગ્રાહકલક્ષી નબળી સુવિધાઓ સામે જનઆક્રોશ

ગાંધીનગર, તા. ૩૦

શહેરમાં પી.એન.જી. ગેસના જોડાણ સંદર્ભે એકસ્ટ્રા લાઈન લેવા ઈચ્છતા નાગરિકો લાચારજનક સ્થિતિમાં મુકાયા છે. ડીપોઝીટની રકમ ભરપાઈ કર્યા બાદ મહિનાઓના અંતે પણ સેક્ટરમાં લાઈનનું કામ પૂર્ણ ન થતા જી.એસ.પી.સી.ના ગ્રાહકોમાં ઉગ્ર આક્રોશ પ્રવર્ત્યો છે.

સી.એન.જી. અને પી.એન.જી. ગેસમાં સતત થતા ભાવ વધારાના લીધે આમ નાગરિકોનું બજેટ આમ પણ ખોરવાઈ ગયું છે. ગેસના ભાવમાં છાશવારે ભાવવધારો થાય છે. પરંતુ ગ્રાહકલક્ષી અભિયાનોના નામે મીંડુ સર્જાયેલું હોવાથી શેરીજનોમાં પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. અત્યાર સુધી ગેસ બિલ ચુકવવાના મામલે પણ નાગરિકોએ હાલાકી વેઠવી પડતી હતી. જ્યારે અનેક રજૂઆતોના અંતે હવે બીલની વસુલાત માટે બેંક હવાલે પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરંતુ શહેરીજનોએ પી.એન.જી. ગેસલાઈન માટે વધારાનું જોડાણ લેવુ હોય તો હાલમાં પણ જી.એસ.પી.સી. કક્ષાએથી કોઈ નક્કર વ્યવસ્થા ગોઠવવામાં આવી નથી. જેના પરિણામે એકસ્ટ્રા જોડાણ માટે ડીપોઝીટ ભરપાઈ કર્યા પછી પણ ૬ મહીનાના અંતે પણ સેક્ટરવાસીઓને જરૂર મુજબ જોડાણની સુવિધા મળતી નથી. અગાઉ જી.એસ.પી.સી. કક્ષાએથી એકસ્ટ્રા જોડાણ આપવાના મામલે અરજી સ્વીકારવામાં આવતી ન હતી. જ્યારે આ મામલે શહેર વસાહત મહામંડળ દ્વારા પણ તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. એકસ્ટ્રા જોડાણ માટેની અરજીઓ સ્વીકારવાની પ્રકીયા હાથ ધરાયા બાદ અરજદારોને ઝડપભેર જોડાણ મળતુ નથી. સંજોગોમાં મકાનના રીનોવેશનના કામગીરીના અંતે પણ નગરજનોએ જોડાણ મેળવવામાં પરેશાની વેઠવી પડે છે.

# રાજ્યની વર્તમાન ટેક્ષટાઈલ નીતિમાં સુધારો કરાશે

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યમાં ટેક્ષટાઈલ ઉદ્યોગને વેગ આપવા માટે વર્તમાન ટેક્ષટાઈલ નીતિમાં કેટલાક મહત્વના સુધારા કરીને નવી સુધારેલ ટેક્ષટાઈલ નીતિ ટુંકમાં જ રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ટેક્ષટાઈલ ઉદ્યોગોના વિકાસ માટે રાજ્ય સરકારે એક ટેક્ષટાઈલ નીતિ ઘડી હતી. જેમાં જીનીંગ પ્રેસીંગ કોટનશીપીંગ વીવીંગ ડાઈંગી પ્રોસેસીંગ જેવા ટેક્ષટાઈલ ઉદ્યોગ માટે સબસીડીની યોજના અમલમાં મુકવામાં આવી હતી. આ ઉપરાંત ટેક્ષટાઈલ એકમમાં વીજદરમાં રાહતોની યોજના પણ અમલમાં મુકવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી ટેક્ષટાઈલ નીતિમાં કેટલાક સુધારા કરીને વધુ પ્રોત્સાહનો આપવા માટેની કેટલીક રજૂઆત ટેક્ષટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલ એકમો પાસેથી રાજ્ય સરકારને મળવા પામી હતી.

આ રજુઆતોને ધ્યાને લઈને રાજ્ય સરકારે વર્તમાન ટેક્ષટાઈલ

● અનુસંધાન પાના - ૭

**શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર**

**સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમવર્ગોની શરૂઆત**

**બ્રાહ્મણ વિદ્યાર્થીઓ માટે**

**બ્રહ્મભવન, વિદ્યા લાયબ્રેરી પાસે, સેક્ટર-૧૬** ખાતે

ગુજરાત સરકારની વર્ગ ૧/૨ અને ૩ની તમામ નોકરીઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના તાલીમવર્ગો વિનામૂલ્યે શરૂ કરવામાં આવનાર છે. આ માટે રસ ધરાવતા વિદ્યાર્થીઓએ સત્વરે પાસપોર્ટ ફોટો, સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ તથા રૂ. ૧૦૦૦ની રિફંડેબલ ડિપોઝીટ સાથે તા. ૧૦-૭-૨૦૧૩ સુધીમાં સમય સવારે ૧૦ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ દરમિયાન નીચેના સરનામેથી ફોર્મ મેળવી પરત કરવું. સ્પર્ધાત્મક પરીક્ષા આપી હોય અને થોડા સમયમાં ઈન્ટરવ્યુ હોય તેણે પણ સત્વરે સંપર્ક કરવો. આવા તાલીમવર્ગોમાં તાલીમ આપવા ઈચ્છતા બ્રાહ્મણ નિષ્ણાંતોએ પણ ફોન : ૨૩૨૩૫૯૩૯ અને ૯૩૭૬૧૩૧૬૦૩ પર સંપર્ક કરવા વિનંતી છે.

| પ્રમુખ | મહામંત્રી | પ્રોજેક્ટ ઇન્ચાર્જ |
| --- | --- | --- |
| શ્રી પિનાકીન રાવલ | શ્રી નરેશ દવે | શ્રી આર. એમ. ઉપાધ્યાય<br>શ્રી કેતન ઉપાધ્યાય |







**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com